સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નિશ્ચિત રાખી 'અંતર' સભા 'ચિક્કાર' ભરી નાખો!
જાતિ-ધર્મ અને સમાજમાં ખેતરો છરી નાખો!
અવતરણ (આપણું) આકાશી નડે ન કાયદા -
સભા-સરઘસ-રેલી, પ્રચારલીલા કરી નાખો!
(નેતાઓને કાયદાનો કોઈ જ બંધન નથી?)

હાઈકુ

સામ દામ ને
દંડ-ભેદથી જીતો
જીતો ચૂંટણી!

મૂલ્યો-સિદ્ધાંતો
મૂકો અભેરાઈએ
મેળવો મત!

ચિંતન

કૃતાકૃતે ચ દ્વન્દ્વાનિ કદા શાન્તાનિ કસ્ય વા ।
એવમ્ જ્ઞાત્વા ઇહ નિર્વેદાત્ ભવ ત્યાગ પરઃ અવૃત્તિ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્રગીતામાંતી લેવામાં આવેલ છે.

કરેલા તેમજ ન કરેલાં કર્મો તથા વિવિધ દ્વંદ્વો (સુખદુઃખ, આશા-નિરાશા, હર્ષ-શોક, રાગ-દ્વેષ વગેરે) કોનાં અને ક્યારે શાંત થયા છે? એ પ્રમાણે જાણીને અહીં જ સંસારમાં જ ઉદાસીન થઈ, ઉપેક્ષાવૃત્તિ કેળવી, અપ્રવૃત્તિ તથા ત્યાગ પરાયણ થા.

કર્મ થાય કે ન થાય, તેની ઈચ્છા કરીએ, તે માટેની વૃત્તિ રાખીએ, તો પણ બંધન ચડી જ ચૂકે છે. અહીં એ જ કહે છે કે કરેલાં તેમજ ન કરેલાં કર્મો કોના અને ક્યારે શાંત થયા છે? એટલે કે બધન કર્યા વિના રહ્યા છે? સમાજ-રાજ્ય, તેનો કાયદો તો, ઈચ્છા કે વૃત્તિ કાર્યમાં પરિણામે, ત્યારે જ વચ્ચે આવે છે. પણ કર્મનો કાયદો કાર્યમાં પરિણમવાની રાહ જોતો નથી. ઈચ્છા કરી નથી કે બંધન થયું નથી. પાપનો વિચાર કરનાર કે મનથી ચોરી કરનાર પણ પાપી કે ચોર તો થાય જ છે.

ઈશ્વરના ન્યાયમાં એવું નથી. ત્યાં તો જો સાચા હો તો જ સાચ ઠરો એ જ છે કર્મનો કાયદો. કર્મનો સિદ્ધાંત.

સુવિચાર

- મોક્ષની ઈચ્છા કરવાથી બીજી બધી ઈચ્છાઓ છૂટી જાય છે - **દાદા ભગવાન**
- આત્મા દેખાતો નથી પણ કર્મફળ દેખાય છે - **જન કલ્યાણ**
- જે લાયક નથી તેની પ્રશંસા એ છૂપો કટાક્ષ - **ચાર્લ્સ યંગ**
- જે માણસ ઉત્સાહથી થનગનતો ના હોય એ કાઢી મૂકવા યોગ્ય છે - **બી બી ફોર્બસ**
- સારા આત્મનિરિક્ષક બન્યા સિવાય સારા ચિંતક બનવું એ દુનિયામાં સૌથી મુશ્કિલ ચીજ છે - **એમર્સન**
- 'જ્ઞાન' 'જ્ઞાની' ના હૃદયમાં બેઠેલું છે, બહાર નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ખાંડ અને ઘી સાથે જીરાનું ચૂર્ણ ચાટવાથી રતાંધણાપણું મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક નગરમાં એક હોંશિયાર વેપારીનું મૃત્યુ થયું. તેનો જીવ યમલોક પહોંચ્યો. એ દિવસે યમલોકમાં મોટો ઉત્સવ ચાલતો હતો. એટલે મૃત્યુલોકમાંથી કોઈ જીવ આવ્યો છે તે તરફ કોઈનું ધ્યાન ગયું નહીં. ચતુર વેપારીએ ચિત્રગુપ્તના ચોપડો શોધ્યો. એ ચોપડામાં પોતાનું ખાતું શોધ્યું. ચોપડામાં તેની ઉંમર ૮૦ લખેલી હતી. વેપારીએ ચોપડામાં ૮૦માંથી ૯૦ કરી નાખી. નાની લીટી કરી અને દસ વર્ષ ઉંમર વધી ગઈ.

ઉત્સવ પૂરો થયો. ધર્મરાજે ચોપડો ખોલી વેપારીનું ખાતું જોયું અને પૂછ્યું, 'આ વડિલને કોણ લાવ્યું. આ જીવ તો ૮૦નો છે. અને એને હજી મૃત્યુલોકમાં દસ વર્ષ કાઢવાના બાકી છે.' યમરાજ ગભરાયા. પરસેવે રેબઝેબ થઈ ગયા. વેપારીએ કહ્યું, 'મહારાજ, ભૂલ તો સૌની થાય. મને પાછો મોકલી દો.'

ધર્મરાજાએ કહ્યું, 'આને પાછો મોકલો.' ચતુર વેપારી નનામીમાં બેઠો થયો. સૌ નવાઈ પામ્યા. પેલો વેપારી કહે, 'હું જઈ આવ્યો ત્યાં પણ આપણાં જેવું જ ચાલે છે. સૌ આનંદ ઉત્સવમાં વ્યસ્ત હતા. ૮૦ના ૯૦ કરતાં શી વાર લાગે!!'

ત્યારબાદ આંકડા સાથે કૌંસમાં શબ્દોમાં લખવાની પદ્ધતિ શરૂ થઈ.

ફટાકડા પર સ્વૈચ્છિક પ્રતિબંધ મૂકીએ

તંત્રીસ્થાનેથી...

નવરાત્રી પર્વ નહીં ઉજવીને અથવા પરંપરાગત ગરબા નહીં યોજીને આપણે જે નાગરિક ધર્મનો દાખલો બેસાડ્યો છે એ દિવાળીના સપરમા તહેવારોમાં ફટાકડા નહીં ફોડીને વધુ ઉજમાળો બનાવીને એ જરૂરી છે. ગુજરાતના તબીબોએ તો આ મુદ્દે આપણને સાવચેત કર્યા જ છે, સાથે જ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે કેન્દ્ર સરકારને અને કેટલાંક રાજ્યોને ફટાકડાં પર પ્રતિબંધ મૂકવા અંગે સૂચન કર્યું છે. રાજસ્થાનની કોંગ્રેસ સરકારે તો છેક ૩૧ ડિસેમ્બર સુધી આવો પ્રતિબંધ જાહેર કરીને પહેલ કરી છે. દિવાળી જ નહીં, એમાં દેવ દિવાળીથી લઈ ક્રિસમસ સુધીના તહેવારો આવરી લેવાયા છે. ગુજરાત સરકાર પણ આવો આદેશ બહાર પાડે તે ઈચ્છનીય ગણાશે. આખરે પ્રશ્ન સ્વાસ્થ્યની સાચવણીનો છે. કોરોનાકાળમાં ફટાકડાનો ધુમાડો શ્વસનતંત્રની સમસ્યા વધારી શકે છે. ખાસ તો જેમણે કોરોનાને માત આપી નેગેટિવ થવા સુધીની સિદ્ધિ હાંસલ કરી છે એમનાં નબળાં પડી ગયેલાં ફેફસાંને વધારે નબળાં પાડી શકે છે. બાળકો ફટાકડા માટે જીદ કરે તો પણ એમને વૈકલ્પિક મનોરંજન પૂરું પાડવામાં શાણપણ છે. કોરોનાના કેસ ઘટવા લાગ્યા છે એનો અર્થ એ નથી કે એમાં ફરી ઉછાળો નહીં આવે. દિલ્હી એનું ઉદાહરણ છે. વચ્ચે કોરોનાના કેસ ઘટવા લાગ્યા હતા, છેલ્લાં કેટલાક દિવસથી રોજના ૫૦૦૦ થી વધુ કેસ નોંધવા લાગ્યા છે. શિયાળામાં કોરોના વધુ આક્રમક રૂખ અપનાવી શકે છે. એ સંજોગોમાં 'સ્મોક' અને 'ફોગ' - કહેતાં ધુમાડા અને ધુમ્મસથી બચવું જરૂરી છે. સિનિયર સિટીઝન્સ માટે તો કોરોના યમદૂત બનીને આવ્યો છે. દિલ્હીના પ્રદૂષિત વાતાવરણને પંજાબ-હરિયાણાના ખેડૂતો એમનાં ખેતરોમાં પરાળ બાળીને વધારે પ્રદૂષિત કરતા રહે છે. વાહનોનો ધુમાડો તો અનિવાર્યપણે શહેરીજનોના લમણે લખાયેલો જ છે - પછી એ દિલ્હી અને મુંબઈ હોય કે અમદાવાદ, સુરત, વડોદરા કે રાજકોટ. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે આ સંદર્ભે વારંવાર સરકારને ચેતવેલી જ છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વધુ એક વખત દિલ્હીને મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોથી મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. પ્રદૂષણ ઓછું કરવા માટે આવા ઉદ્યોગો એમને દિલ્હીના રહેણાંક વિસ્તારોથી દૂર, બહાર લઈ જવાનો આદેશ કર્યો છે. જે ઉદ્યોગોથી હવાનું પ્રદૂષણ ન થાય એવા આઈટી કે ઈલેકટ્રોનિક ઉપક્રમો જ દિલ્હીના અત્યાર લગી કહેવાતા કમર્શિયલ ઝોનમાં સ્થાપી શકાશે. એથી કમર્શિયલ ઝોન તરીકે ઓળખાતા વિસ્તારો પર સરકારી ટેક્સ ઓછો થશે અને બૌદ્ધિકો - વકીલો અને સર્વિસ ઓરિયેન્ટેડ ઉપક્રમો તથા કલાપ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વ્યવસાયિકોને વધુ સારી જગ્યાએ પ્રવૃત્તિ કરવાની તક મળશે. દિલ્હી 'મેન્યુફેક્ચરીંગ' માંથી 'સર્વિઝ બેઝ્ડ' ઉદ્યોગોનું હબ બનાવવાની કેજરીવાલની આ નીતિ લાંબે ગાળે રાજધાનીને પ્રદૂષણમાં ઘટાડો નોંધાશે તે નક્કી છે. પ્રદૂષણની સમસ્યા કોરોના જેવી બીમારીને ફેલાવવામાં મદદરુપ થતી હોય છે. સામાન્ય લોકો આ બાબત સમજે તે જરૂરી છે. એ જ સંદર્ભે તહેવારોમાં જે રીતે પ્રદૂષણ વધારતાં આયોજનો થતાં રહે છે, લગ્ન પ્રસંગોમાં ધૂમધડાકા કરી વાતાવરણને ડહોળી નાખવામાં આવે છે, એવી અનેક બાબતો પર પ્રજા સ્વૈચ્છિક પ્રતિબંધ મૂકે એ ઈચ્છનીય છે.

જીવવાનું કાંઈક તો બહાનું જોઈએ... આવાં નાના નાનાં બહાને અનેક લોકો જીંદગી જીવી જતા હોય છે

નવાં કલેવર
નટવર હેડાઉ

શહેરમાં દબાણ હટાવો ઝુંબેશ શરૂ થઈ ગઈ હતી. નગરપાલિકાના અધિકારી, કર્મચારીઓના કાફલા સાથે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને મહિના પહેલાં જ જ નોટીસો પાઠવી દેવામાં આવી હતી. તે છતાં કોઈ ટસનો મસ થયા ન હતા. બુલડોઝર અને ટ્રેકટર સાથે દબાણ હટાવવા આવેલ ટૂકડીને જોઈ તે લોકો પોતાના ઝૂંપડાઓમાંથી ઘરવખરીનો સામાન બહાર કાઢવા લાગ્યા હતા. તો કેટલાક વળી જીદે ચઢી ને અંદર બેસી રહ્યા હતા. ચલાવો અમારા પર બુલડોઝર... અમે હટવાના નથી.

પોલીસ અને પાલિકાના અધિકારીઓ તેમને સમજાવતા હતા.

તેઓ રહીમ ચાચાની ઝૂંપડી પાસે આવ્યા. 'ચાચા... બહાર નીકળો...' ચાચા હાથ જોડી આજીજી કરવા લાગ્યા. 'સાબ, યે છોટી બચ્ચી કો લે કે કહાં જાઉંગા...'

પોલીસ અધિકારીએ કડકાઈથી કહ્યું, 'એમ એ નહીં માને... સાલ્લાને ખેંચીને બહાર કાઢો. બે પોલીસો બાંવડેથી પકડી રહીમ ચાચાને ખેંચવા લાગ્યા. છોકરી રડવા લાગી...ના...ના તેમને મારશો નહીં... તે મારા નાના છે.'

માનવ સંબંધોની નાજૂકતા કઠોર કર્મચારીઓની સમજની બહારની વાત હતી. બાળકી બુઝર્ગને વળગીને રડી રહી હતી. તેમને ઘેરીને ઉભેલા માણસો હસતા હતા. આજુબાજુના ઝૂંપડાવાળા લોકો અદ્ધર શ્વાસે આ તમાશો જોઈ રહ્યા હતા. તેમાંથી એક જણે કહ્યું, 'તેં આ વિધર્મી છોકરીને કેમ રાખી છે. તેનો ધર્મ તેં બદલી દીધો લાગે છે.'

મારો મારો કહેતા... કેટલાક લોકો તેની તરફ ધસ્યા પણ પોલીસે તેમને રોકી દીધા.

ઘરડા રહીને ચાચા રડતા આજીજી કરતા કહેતા હતા.'મેં આ દીકરીને ખોળે લીધી છે.'

'મોટી થશે એટલે ધંધો કરાવીશ કે વેચી મારીશ.' તું એમ કરીને અમને નીચા દેખાડવા માંગે છે.' એક કાર્યકર જેવો વ્યક્તિ બોલ્યો.

રહીમ ચાચા તડપતાં બોલ્યા, 'બસ કરો... બસ કરો... આની માં મારા ગામની હતી. ગામના નાતે હું તેને મારી દીકરી માનતો હતો. આ મારી ભાણી છે.'

'બાળકીનાં મા-બાપ અકસ્માતમાં મરી ગયાં હતા. તેથી એક દિવસ અનાથ અને બેસહારા છોકરીને ભીખ માંગતી જોઈ મારાથી ન રહેવાયું. મને લાગ્યું કે જીવવાનું કાંઈક તો બહાનું જોઈએ આવાં નાના નાનાં બહાને અનેક લોકો જીંદગી જીવી જતા હોય છે.' પણ રહીમ મુસલમાન અને બાળકી હિંદુ એ વાતે વિવાદ થઈ ગયો.

એક મુસલમાન આપણા ધર્મની છોકરી ને ઉછેરે? તેનો ધર્મ બદલી છે? આપણે મરી પરવાર્યા છીએ. આ તો ધર્મ પરિવર્તનનો કિસ્સો છે. કાલે લવ જેહાદમાં પરિણમશે. તે આપણને નીચા દેખાડવા માંગે છે. બાળકીને રાખવા પાછળ જરૂર તેની કોઈ મોટી ચાલ હશે. આપણે પણ કંઈ બંગડીઓ પહેરી નથી. સાલ્લા માથે ચડતા જાય છે. ધર્મને આ ખતરો છે... મારો... મારો...

થરથર ધ્રુજતા ઘરડા રહીમ ચાચાએ હિંમત એકઠી કરી અને બોલવા લાગ્યા. 'અત્યારે તમને ધર્મ યાદ આવ્યો છે? ત્યારે તમે ક્યાં ગયાં જયારે તે રસ્તે રઝળતી ભીખ માંગતી હતી. મને ખબર છે કે તેનાં માબાપ બીજા ધર્મના હતા. પણ હું તેને ક્યારેક મસ્જિદે નથી લઈ ગયો. મેં તેનો ધર્મ બલ્યો નથી. હાં બસ તેને મારી ભાણી સમજું છું અને એ નાતે મારો ધર્મ નિભાવું છું.'

બાળકી વૃદ્ધને વળગીને હિબકાં ભરી રહી હતી. 'એ મુસલમાન નથી. મારા નાના છે. મારા નાના ને કં થઈ ગયું તો...'

આ દૃશ્ય જોઈ આસપાસ ઊભેલા લોકોના આંખો ભીંજાઈ ગઈ હતી. દબાણ હટાવવાવાળા આગળ વધી ગયા હતા.

નાની અમથી વાતમાં સંબંધોને આપણાથી દૂર થઈ જતાં અટકાવવા છે?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

આપણે સૌ જાણીએ છીએ કે હિન્દી ફિલ્મ ઉદ્યોગના પાર્શ્વગાયિકા તરીકે શમશાદ બેગમ (૧૯૧૪-૨૦૧૩) બહુ મોટું નામ હતું. એવું કહેવાય છે કે શમશાદ બેગમે ગુજરાતી ભાષા સહિત ઘણી ભારતીય ભાષાઓમાં હજારો ગીતો ગાયા અને એ સમયના વિખ્યાત સંગીતકારો સાથે કામ કર્યું.

હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં સંગીત દિગ્દર્શક તરીકે એવું જ એક મોટું નામ હતું સી. રામચંદ્ર (૧૯૧૮-૧૯૮૨). રામચંદ્રજીએ એકસોથી વધારે ફિલ્મોમાં સંગીત પીરસ્યું અને તેમની સ્વરરચના કરેલા અનેક ગીતો અમર થઈ ગયા.

દિગ્દર્શક અને ગાયક રામચંદ્રજી અને શમશાદજીની જોડીએ આપણને ઘણા યાદગાર ગીતો આપ્યાં. શમશાદજીએ રામચંદ્રજીના સંગીત દિગ્દર્શન હેઠળ લગભગ પચ્ચીસેક ફિલ્મોમાં પાર્શ્વગાયન કર્યું. એ બંનેએ કેટલાક યાદગાર યુગલ ગીતો પણ ગાયા. બંનેની વ્યવસાયિક કેમેસ્ટ્રી ખૂબ જ મળતી હતી જેને કારણે બંને વચ્ચે વ્યવસાયિક સંબંધો ખૂબ જ સારા હતા.

એક દિવસ કોઈ ગીતનું સ્ટુડિયોમાં રેકોર્ડિંગ ચાલતું હતું. રામચંદ્રજીના દિગ્દર્શન હેઠળ શમશાદજી પોતાના ગીતનું રેકોર્ડિંગ કરી રહ્યા હતા. એ દિવસે કોઈ અકળ કારણોસર શમશાદજી વારંવાર ભૂલો કરતા હતા અને તેના કારણે વારંવાર 'રીટેક' કરવા પડતાં હતાં. રામચંદ્રજીએ ત્રણ-ચાર વખત શમશાદજીને સૂચના આપી કે આ પ્રમાણે સુર, તાલ અને લયમાં ગીત ગાવાનું છે પણ એ દિવસે શમશાદજી રેકોર્ડિંગ સમયે ભુલ કરી જ બેસતા હતા. ઘણા 'રિટેક'' પછી રામચંદ્રજીનાં મગજનો પારો છટક્યો. સ્ટુડીઓમાં ઉપસ્થિત ઘણા બધા વાદ્યકારો અને સ્ટુડિયોના ટેકનિકલ સ્ટાફ વચ્ચે શમશાદજી ઉપર રામચંદ્રજી જોરથી તડૂકયા અને બેગમજીનું જાહેરમાં અપમાન કર્યું. તેઓએ શાંશદજીને બધાની વચ્ચે કહ્યું કે, 'એકવાર શીખવ્યું તો પણ આવડતું નથી? મારે કેટલી વાર તમને આ બધું શીખવવું?' પોતાનું જાહેરમાં આ રીતે રામચંદ્રજીએ અપમાન કર્યું એટલે શમશાદજીને ગુસ્સો આવ્યો અને ગુસ્સામાં ને ગુસ્સામાં તરત જ તેઓ રેકોર્ડિંગ અધૂરું છોડીને સ્ટુડિઓ છોડીને ઘરે ચાલ્યા ગયા.

બંને વચ્ચે આવું ભૂતકાળમાં પણ બે પાંચ વખત બની ચૂકયું હતું. જ્યારે જ્યારે આવું બન્યું હતું ત્યારે થોડા જ સમયમાં રામચંદ્રજી શમશાદજીને ફોન કરતાં, પોતાના વર્તન બદલ માફી માંગતા અને રેકોર્ડિંગ માટે પાછા બોલાવી લેતા. આ ઘટના સમયે પણ શમશાદજીને અપેક્ષા હતી કે પહેલાંની જેમ જ રામચંદ્રજી પોતાને ફોન કરશે, પોતાના વર્તન બદલ માફી માંગશે અને રેકોર્ડિંગ માટે પાછા બોલાવશે. આ વખતે એવું કશું જ ના બન્યું. શમશાદજીની અપેક્ષા ઠગારી નીવડી. ના રામચંદ્રજીએ ફોન કર્યો, ના શમશાદજીએ ફોન કર્યો. બન્નેમાથી કોઈએ એકબીજાનો સંપર્ક જ ન કર્યો અને એ સમયથી બંનેના વ્યવસાયિક સંબંધોનો કાયમ માટે અંત આવી ગયો. અલબત્ત, લાંબા સમય પછી બંનેના વ્યક્તિગત સંબંધો ફરી પાછા જીવંત થયા પણ પહેલા જેવા તો નહીં જ.

આપણા જીવનમાં પણ આ પ્રકારની ઘટનાઓ બનતી જ રહેતી હોય છે. આપણી સાથે બનતી આવી ઘટનાઓમાં આપણે કાં તો રામચંદ્રજીની અને કાં તો શમશાદજી, બેમાંથી કોઈપણ જગ્યાએ હોઈ શકીએ. આવું શા માટે બનતું હોય છે? થોડી જ ક્ષણો ના ખટરાગ પછી બે સંબંધિત વ્યક્તિ શા માટે એકબીજાથી દૂર થઈ જતી હોય છે? દૂર થયા પછી પણ બંનેના સંબંધોને જીવંત કરવા માટે તેઓને શું નડતું હોય છે? કોણ રોકતું હોય છે એ બંનેને સંબંધોને જીવંત કરવામાં શું નડતું હોય છે? શા માટે લાંબા સમયથી વિકસેલા સંબંધો ફરી પાછા જીવંત નથી થઈ શકતા?

બે વ્યક્તિઓના સંબંધોમાં નાનીનાની બાબતો માટે ગુસ્સો કરવો, ગુસ્સો આવે પછી પોતાની જાત ઉપર સંયમ ન રાખી શકવાને કારણે આ પ્રકારની ઘટનાઓ બનતી હોય છે. નાનીનાની બાબતે ગુસ્સો કદાચ આવે પણ એ સમય ગુસ્સો ઠાલવવાને બદલે જો મન ઉપર અને ગુસ્સા ઉપર સંપૂર્ણ સંયમ રાખી શકીએ તો આ પ્રકારની ઘણી બધી ઘટનાઓને આપણે ટાળી શકીએ. આપણે ગુસ્સા ઉપર કદાચ સંયમ ન રાખી શકીએ તો એ ગુસ્સો લોકોની વચ્ચે જાહેરમાં ઠાલવવાથી જે વ્યક્તિ ઉપર ગુસ્સો ઠાલવ્યો હોય તેને ઘોર અપમાન જેવું લાગતું હોય છે. ગુસ્સો જાહેરમાં ઠાલવવાને બદલે વ્યક્તિને એકાંતમાં લઈ જઈને તેના પર ગુસ્સો ઠાલવીએ તો પણ સંઘર્ષ થોડો હળવો થઈ જતો હોય છે.

શમશાદજી ઉપર રામચંદ્રજીએ ગુસ્સો કર્યો એટલે શમશાદજી રેકોર્ડીંગ અધૂરું છોડી ને ચાલ્યા ગયા. આમ ત્યાં પણ પોતાની નારાજગી વ્યક્ત કરવા ઉપર સંયમ જરૂરી હોય છે. કોઈ વ્યક્તિ સાથે આપણા સંબંધો હોય, ખાસ કરીને વ્યવસાયિક ત્યારે આપણી નારાજગી દર્શાવવા કામ અધુરા છોડીને જતા રહીએ તો ઉભય પક્ષે વધારે ગુસ્સો આવે એ સ્વાભાવિક છે. કામ પૂરું કરીને જો આપણે નારાજગી વ્યક્ત કરીએ તો કદાચ બંને પક્ષનો સંઘર્ષ હળવો થવાની તકો વધી જતી હોય છે.

બે વ્યક્તિનો સામસામે ટકરાવ થયો, ટકરાવ પછી બંને વ્યક્તિ એકબીજાથી દુર ચાલ્યા જાય એ પછી શરૂ થતો હોય છે બંનેના અહમનો ટકરાવ. 'હું શા માટે માફી માંગુ?', 'મારી ક્યાં ભૂલ હતી?','મારે સામેથી શા માટે સંપર્ક કરવો?' ''એમને જરૂર હશે તો કરશે એ મારો સંપર્ક''. આ પ્રકારનું વલણ બંને પક્ષે રહેતું હોય છે. એ જ વલણમાં કલાકો, દિવસો, મહિનાઓ અને વર્ષો પસાર થઈ જાય છે. બન્ને પક્ષનું વલણ બદલાતું નથી. પરિણામે બંને મનથી પણ એકબીજાથી એકદમ દૂર ચાલ્યા જતા હોય છે. આ રીતે એકબીજાથી દૂર ચાલ્યા ગયા પછી બેમાંથી કોઈ પણ વ્યક્તિ માટે પાછું વળવું અઘરું બની જતું હોય છે. તેથી બંને વ્યક્તિ કાયમ માટે દૂર થઈ જતી હોય છે.

આપણા જીવનમાં આ પ્રકારની ઘટનાઓ વારંવાર બનતી રહેતી હોય તો આપણે આત્મમંથન કરવું જ રહ્યું. આપણે પોતે આ પ્રકારની ઘટનાઓને ટાળી શકીએ, નિવારી શકીએ અને આપણા કેટલાય સંબંધોને આપણાથી દૂર થઈ જતા અટકાવી શકીએ.

બેન્કો ઉપર પ્રજાનો વિશ્વાસ ટકાવવા સઘન પ્રયાસો જરૂરી

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

કોને ખબર વિશ્વ આખાને કોની નજર લાગી ગઈ કે સર્વત્ર માત્ર જીવન બચાવવાની જ ચિંતા પ્રવર્તી રહી છે. જાણે કે હવે બીજી કોઈ અગ્રત બચા નથી. ચીની વાઈરસ આટલો ટકાઉ હોય એ પણ ગણા લોકોને પુષ્કળ શંકા રહે છે. માનવીય વ્યવહારો ખૂબ સરસ રીતે ચાલી રહ્યા હતા અને દુનિયામાં આવી કાતિલ વ્યથા કદી કોઈએ કલ્પી પણ ના હતી. હવે વેક્સીન ના આવે ત્યાં સુધી બધી જ કાળજી - સાવચેતીઓ લેતા જ રહેવાનું સતત કહેવાઈ રહ્યું છે. જે ખુબ ઉચિત છે! કોરોનાથી જાનહાનિનું વાતાવરણ સર્જાયું છે પરંતુ જે આર્થિક દૃષ્ટિએ તબાહી શરૂ થઈ છે તેનાથી બહુધા દેશોમાં આર્થિક સંકડામણ, મંદી, અને મૂંઝવણથી સમગ્ર માનવજાત ત્રસ્ત થઈ રહી છે. ભારતની વાત કરીએ તો મહામારી શરૂ થઈ એ પૂર્વે આર્થિક સ્થિતિ નાજુક દૌરમાં જ હતી. એ જ હાલતમાં કોવિડ-મહામારી આવી લોકડાઉન આવ્યું. ધંધા-વ્યવસાય-પ્રવૃત્તિઓ થંબી ગયા એટલે જ નુકશાન થયું એ વધુ નકારાત્મક બનીને સહન કરવાનું આવ્યું! વડાપ્રધાન માનનીય મોદીજીએ યોગ્ય સમયે યોગ્ય કદમ લીધા એ વાત સ્વીકારવી જ પડે પરંતુ આ સમયમાં નાણાં સંસ્થાઓને જબરો ધક્કો લાગ્યો અને બેન્કીંગ ક્ષેત્રે અતિ નબળું પડી ગયું. નીતિનિયમો મુજબ બેંકને ચલાવવાની હોય એટલે બેન્કો ખુદ સ્વસ્થ રહેવા માટે અથાગ પ્રયાસો કરી આત્મનિર્ભર ભારત મિશનમાં યોગદાન આપી રહી છે. ત્યાં અરબો-ખરચો રૂપિયાનું જે રાઈટ ઓફ કરવામાં આવ્યું એ જાણી પ્રજાને ઘોર નિરાશા થઈ કેમ કે આ જે માંડવાળ કરેલી રકમ જો કાયદેસર વસૂલવામાં આવી હોત તો સરકારને રાહત પેકેજ કરવામાં ખુબ મોટી મદદ મળી ગઈ હોત અથવા જે ટેક્સ નાંખવામાં આવી રહ્યા છે તેની જરૂરત પણ ઓછી કે નહીંવત થઈ જાત!!

બેંકો આર્થિક વ્યવહારોમાં બેકલોન ઓફ કંટ્રી હોય છે હવે ત્યાં ગ્રાહક સેવા માત્ર પરિપત્રોમાં જ દેખાય છે. સ્ટાફની અછત, નવી ટેકનોલોજીમાં બધુ હોવા છતાં રખ-રખાવની ઉણપ નજરે પડે છે!

ખલીલ ધનતેજવીનો સુંદર શેર છે.

સુખચેન તો કર્તવ્ય વગર ક્યાંથી લાવશો?
તમને દુવા તો મળશે અસર ક્યાંથી લાવશો!

બેન્કોનાં મર્જરની કાર્યવાહી જોરદાર રીતે ચાલી રહી છે અને હવે તો પ્રશાસન ખુદ એવું વ્યક્ત કરે છે કે સરકાર આ ક્ષેત્રમાંથી ખસી જવા માંગે છે. અર્થાત્ ખાનગીક્ષેત્રને હવાલે કરવાનું વિચારવામાં આવી રહ્યું છે. ૧૯૬૯માં પૂર્વ સ્વ. વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરેલું તે વાત હવે પરિવર્તન દ્વારા જૂની પદ્ધતિમાં લઈ જવાની સ્થિતિ પેદા થઈ પરંતુ શું આ જ માત્ર નક્કર ઉકેલ છે? વિલફુલ ડિફોલ્ટર્સ એટલા માટે પ્રભાવશાળી કોર્પોરેટ એકમો છે કે જેઓ નાદારી નોંધાવે છે અને વસુલાત અને તે પણ જંગી રકમની થઈ શકતી નથી? આ વાસ્તવમાં ગંભીર તથા તપાસનો વિષય બની ગયો છે. સામાન્ય નાગરિકને નાની નાની રકમનું ધિરાણ મેળવવામાં દમ નીકળી જાય છે. તો બીજી તરફ કરોડો લઈ વિદેશ ભાગી એશ કરનારા કાનૂનની પક્કડથી દૂર રહી શકે છે, હવે પ્રજાને બેન્કો ઉપરથી જે વિશ્વાસ હતો એ ડગમગી ગયો છે. બચતો ઉપરના વ્યાજદર રહ્યા નથી! બેન્કની કોઈ પણ સેવા નિઃશુલ્ક રહી નથી. એ.ટી.એમ.ની સ્વીકૃતિ ગ્રાહકની સુવિધા માટે જ હતી ત્યાં વ્યવહારોને ફરીથી ચાર્જેબલ અને અંકુરિત કરાઈ રહ્યા છે. રાજકારણના લોકો માત્ર ને માત્ર કાદવ ઉછાળવા અને શું કરવાથી ઈલેકશન જીતી જવાય તેની ફિરાકમાં વ્યસ્ત છે. પ્રજાના મંતવ્યનું કંઈ કોઈ જ સાંભળતું નથી. લોકોને હવે ડર છે કે પોતાના નાણાં જે ફિકસ ડિપોઝીટના રૂપમાં બેંકોમાં જમા છે તે સમય આવ્યે પરત મળશે કે નહીં? બેન્કોની આટલી કંગાળ હાલત આટલા વર્ષોમાં કદી જોઈ નથી. બીજી બાજુ વિ.આર. સ્કીમથી સિનિયર્સને બેંકોમાંથી નિવૃત્તિ તરફ લઈ જવાનું આયોજન થઈ રહ્યું છે. લાગે છે કે જો આવું થયું તો પછી ગ્રાહક સેવા શબ્દ જ ભૂલી જવાનો રહેશે આ પણ પરિવર્તનનું એક સ્વરુપ હશે! રિઝર્વ બેંકની પ્રભાવક ભૂમિકા પણ ક્રમશઃ ઘટી ગઈ હોય તેમ સ્પષ્ટ દેખાય છે. લોકોને હાથમાં રોકડ સહાયની આવશ્યકતા છે એ સરકાર જાણે છે છતાં કંઈ થઈ શકતું નથી, લોન ઘટકથી બધા પગલાઓ આવી રહ્યા છે તેથી મંદીનું વાતાવરણ દૂર થતું નથી.

હાલમાં વિજીલન્સ અવેરનેસ વિકની ઊજવણી થઈ રહી છે. પંરતુ દેશમાં જે નાણાંકીય ક્ષેત્રની બધી બેન્કોમાં ફ્રોડ થઈ રહ્યા છે તેનો સત્તાવાર જે આંકડો ૨૦૧૯-૨૦ના વર્ષ દરમિયાન બહાર પડ્યો તે ચિંતા કરાવે તેવો છે કુલ ફ્રોડની ઘટન ૨૦૧૯-૨૦ દરમિયાન થઈ ૮૪૫૪૫ અને કુલ રકમ રૂા. ૧૮.૫ લાખ કરોડ છે! આનો અર્થ એ થયો કે ડિજિટલ વ્યવહારો વધ્યા તેમ તેમ છેતરપીંડી અને છળકપટની ઘટનાઓ પણ વધી છે. પ્રજાને બધુ ઝડપી, ઉમદા અને સસ્તુ ગમે છે ત્યાં જ આફતનો વસવાટ છે તે સમજાતું નથી. બેન્કો - જાહેર ક્ષેત્રની છે તેને સરકારે પુષ્કળ પેકેજ આજ સુધીમાં આપ્યા પરંતુ એ બેન્કોની એન.પી.એ.ની સામે જે જોગવાઈઓ કરવી પડી છે તેની સામે ગયા તેની બેન્કો ટકી શકી પરંતુ આ માર્ગે કાનૂનની મદદથી વસુલાત લાવવાની પ્રક્રિયાની નિષ્ફળતામાંથી બહાર નીકળી શક્યા નહીં એટલે હવે પરિવર્તન લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે ખબર નથી કે સમય જતાં શું નક્કર મળશે પરંતુ હાલ લોકોને બેન્કો ઉપર વિશ્વાસ રહ્યો નથી. 'ઉજડા હુઆ ગુલશન હૈ રોતા હુઆ માલી હૈ યે દિવાલી કી આજ કહાની હૈ.'

શેર આસ્વાદ

તુમ પૂછતે હી નહીં પરેશાની કી વજહ
કુછ ઈસ વજહ સે ભી પરેશાન હું મૈં !